# પેપર લીક પ્રકરણમાં શિક્ષકો સકંજામાં

## પેપર લીક પ્રકરણ - સાબરકાંઠા પોલીસે શિક્ષક-ગ્રંથપાલની અટકાયત કરી, અનેક ચોંકાવનારા નામ બહાર આવવાની વકી, કુલ ધરપકડ આંક ૩૨ ને પાર

બાયડ, તા. ૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનું હેડક્લાર્કનું પ્રશ્નપત્ર લીક થયા પછી ધરપકડનો દોર શરૂ થયો છે. પેપરલીક પ્રકરણનો રેલો શિક્ષણધામ સુધી પહોંચતા હવે શિક્ષકો પણ લજવાય તેવી સ્થિતિમાં છે. સાબરકાંઠા પોલીસે વાઘરોટાના શિક્ષક તેમજ હિંમતનગર ફાર્મસી કોલેજના ગ્રંથપાલની અટકાયત કરી છે. આ સાથે ધરપકડ આંક ૩૨ને પાર પહોંચ્યો છે. મોડેથી બંને આરોપીઓને રીમાન્ડ માટે પ્રાંતિજ કોર્ટમાં રજુ કરવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લો પેપરલીક પ્રકરણનું એ.પી. સેન્ટર બની જતાં સમગ્ર રાજ્યમાં જૂજ લેભાગુઓના કારણે જિલ્લો અને તેના બેરોજગારો બદનામ થઈ રહ્યા છે. એક પછી એક પેપરલીકના મુખ્ય સુત્રધાર સહિત આરોપીઓ પોલીસના સકંજામાં આવ્યા પછી અત્યાર સુધીમાં રૂ. ૭૮,૯૬,૫૦૦ની રોકડ રકમ પોલીસે આરોપીઓ પાસેથી કબજે લીધી છે. પેપર લીક કરનારાથી માંડી ગ્રાહકો શોધી આપનારા દલાલોએ લાખો રૂપિયા એકત્ર કર્યા પરંતુ પેપરલીકનું પાપ છતું થઈ જતાં તમામ આરોપીઓ તબક્કાવાર પોલીસના સકંજામાં આવી રહ્યા છે. પેપરલીક પ્રકરણમાં ઉમેદવારોને પેપર સોલ્વ કરી આપવામાં કેટલાંક શિક્ષકોની ભૂમિકા હોવાની ચર્ચા હતી. જે હવે સાચી ઠરી છે. પેપરલીક પ્રકરણમાં સંડોવાયેલા પ્રાંતિજ તાલુકાના વાઘરોટાના અને નનાનપુર ગામની વિનય મંદિર સ્કુલ, વૃંદાવનના શિક્ષક રજનીકાંત અમૃતલાલ પટેલ તેમજ હિંમતનગર એ.પી.એમ.સી. ફાર્મસી કોલેજના ગ્રંથપાલ (મૂળ રહે. રતનપુર, તા. ઈડર) નરેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલની તા.૩૧ ડિસેમ્બરની રાત્રે અટકાયત કરી છે. આ બંને આરોપીઓ પાસેથી પોલીસને પેપરલીક પ્રકરણના અત્યાર સુધી ઉજાગર નહિ થયેલા અનેક રાજ ખુલવાની સંભાવના છે.

### ગણિત વિષયના શિક્ષકની અટકાયત થતાં અનેક ઉમેદવારોની ઉંઘ હરામ

પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામના વતની નનાનપુર ગામની હાઈસ્કૂલના ગણિત વિષયના શિક્ષક રજનીકાન્ત અમૃતલાલ પટેલની પેપરલીક પ્રકરણમાં તા.૩૧ ડિસેમ્બરે જિલ્લા પોલીસે ધરપકડ કરતાં અનેક ઉમેદવારોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે શિક્ષકને નજીકથી ઓળખનારા અનેક લોકોનું માનવું છે કે આવા કામમાં તેમની સંડોવણી સમજી શકાતી નથી ? જ્યારે બીજી લોકચર્ચા મુજબ શિક્ષકના નજીકના સગાની થોડાક સમય પહેલા અટકાયત થઈ છે જેમાં તપાસ દરમ્યાન નામ બહાર આવતા અટકાયત થયાનું સંભવ છે.

### માત્ર ૩ તાલુકાના ઉમેદવારો સુધી પેપર સીમીત રહેવું મુશ્કેલ

પેપરલીક પ્રકરણમાં પોલીસે મુખ્ય સુત્રધાર તેમજ પેપર ખરીદનારા ઉમેદવારો અને ઉમેદવારોના વાલીઓની એક પછી એક અટકાયત કરી જેમાં પ્રાંતિજ, હિંમતનગર અને ઈડર તાલુકાના ઉમેદવારોના નામ સામે આવ્યા છે જ્યારે પેપરલીક થયા પછી સુત્રધારો અને દલાલોએ રૂ.૨.૫૦ કરોડથી વધુ ખંખેર્યાની સંભાવના વચ્ચે શું લીક થયેલું પેપર માત્ર ૩ તાલુકા પુરતું જ સીમીત રહ્યું હશે ? તે માનવું મુશ્કેલ છે. આગામી ૩ દિવસમાં પેપરલીકનો રેલો અરવલ્લી અને ખેડા જિલ્લામાં પગપેસારો કરે તેવી સંભાવના વધુ છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૧ કેસ

### સસ્પેકટેટ કેસનો આંકડો ૩૦ થી વધુ : હિંમતનગરમાં સૌથી વધુ જોખમ

બાયડ, તા. ૨

કોરોના સંક્રમણ ગતિ પકડતાં મહીનાના અંતમાં સ્થિતિ કાબુ બહાર જવાની દહેશત છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૨૪ કલાકમાં કોરોના પોઝિટીવ ૧૧ કેસ નોંધાતા આરોગ્યતંત્રની લાપરવાહ લોકોને ઉંઘ હરામ કરી દીધી છે. જ્યારે સસ્પેકટેટ કેસનો આંકડો ૩૦ થી વધુ હોવાની પ્રબળ આશંકા છે જિલ્લામાં હિંમતનગરમાં કોરોનાનું સૌથી વધુ જોખમ હોવાનું જાણવા મળ્યું છે.

લગ્નના મેડાવડા-ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉમટેલી જનમેદની કોરોનાનો વિસ્ફોટ લાવશે તેવી આશંકા સાચી ઠરી છે. અભણ લોકો કરતાં ભણેલા ગણેલા લોકોની લાપરવાહીના ગંભીર પરીણામો જિલ્લાની પ્રજા ભોગવી રહી છે. વિદેશથી આવેલી યુવતી કોરોના સંક્રમીત ત્યારબાદ ઓમિક્રોનમાં પટકાયા પછી જિલ્લાની સાડાસાતી બેઠી ત્યારબાદ દરરોજ જિલ્લામાં કોરોના કેસમાં ઉછાળો આવ્યો. નવા વર્ષના આરંભે સાબરકાંઠામાં ૯, અરવલ્લીમાં ૨ કોરોના પોઝિટીવ કેસથી આરોગ્યતંત્રને ફરીથી દિવસ-રાતના ઉજાગરા થવાની દહેશત વધી છે. જે રીતે કોરોના દર્દીઓનો ઉછાળો જોવા મળ્યો તે જોતાં ચિંતા વધી હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

# આજે ૩ જાન્યુઆરી : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ધો. ૯ થી ૧૨ના ૧.૩૦ લાખ વિદ્યાર્થીઓને કોરોના વેક્સીનનો પ્રારંભ

### રસીકરણનો ભય દૂર કરવામાં આરોગ્યતંત્ર સફળ : બિમાર વિદ્યાર્થીઓની વિશેષ કાળજી લેવાશે

બાયડ, તા. ૨

રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષના ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આજે ત્રીજી જાન્યુઆરીથી કોરોના વેક્સીન આપવાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લાના ૭૫૦ થી વધુ શૈક્ષણિક સંકુલોમાં અભ્યાસ કરતા ૧,૩૧,૧૧૦ વિદ્યાર્થીઓને આજથી વેક્સીનેશનનો પ્રારંભ થશે. શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ સંપૂર્ણ થાય તેવા તમામ પ્રયાસ શરૂ કર્યા છે.

અંતે કોરોનાની ત્રીજી લહેર શરૂ થવાની સરકારે કબુલાત કરી છે. કોરોના સંક્રમણ વધવાની સાથે ઉત્તર ગુજરાતમાં કોરોનાના નવા વેરીયેન્ટ ઓમિક્રોનના ૫ કેસ નોંધાયા જેના કારણે પ્રજામાં દહેશતનો માહોલ છે. કેન્દ્ર સરકાર દ્વારા ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતા ૧૫ થી ૧૮ વર્ષના તમામ વિદ્યાર્થીઓને મફત કોરોના વેક્સીનેશનનો નિર્ણય કરી તેમના શિક્ષણ ભવિષ્યની ચિંતા કરવામાં આવી છે. જેથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં ગ્રાન્ટેટ, સરકારી અને સ્વનિર્ભર ધો. ૯ થી ૧૨ ની શાળાઓમાં આજે સવારથી વિદ્યાર્થીઓને કોરોના રસીકરણ આપવાની શરૂઆત થશે. કોરોના વેક્સીન પછી વિદ્યાર્થીઓને થોડાક સમય માટે ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવશે. ત્યારબાદ ફરી આરોગ્ય ચકાસણી કરી જવા દેવામાં આવશે. કોરોના વેક્સીનની કોઈ આડ અસર નથી દરેક વિદ્યાર્થીએ કોરોના રસી લઈ સહયોગ આપવો જોઈએ તેવી અપીલ પણ કરવામાં આવી છે.

અનેક વાલીઓએ વેક્સીન માટે સંમતિ આપી

કોરોના રસી માટે શિક્ષણ વિભાગ દ્વારા વાલીઓ પાસે સંમતિ માંગવામાં આવી હતી. અનેક જાગૃત વાલીઓએ સરકારના નિર્ણયની પ્રસંશા કરી વેક્સીનેશન માટે સંમતિ આપી છે. કેટલાક વાલીઓએ સંમતિ આપવામાં થોભો-રાહ જુઓ નીતિ અપનાવી રહ્યા છે.

### સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નવા વર્ષની ઉજવણી કરાઈ

સંસ્કૃતિ મહિલા પરિવાર પરંરાગત નવા વર્ષે કોઈ પણ સંસ્થાની મુલાકાતનો કાર્યક્રમ યોજે છે. આ નવા વર્ષે સેવાગ્રામ મહિલા હાટ નવરંગપુરા અને તેની જ ભગીની સંસ્થા કમલા-બોડકદેવ ખાતે જોવા જવાનું પ્રમુખ પ્રતિભાબેને આયોજન કર્યુ હતું. આ સંસ્થામાં સ્વતંત્રતામાં જે શહીદો થઈ ગયા તેમની વિધવાબહેનો તેમજ ખુબ જ જરુરીયાતમંદ બહેનો તનતોડ મહેનત કરી વિવિધ પશુપાલન તથા બેકરીની આઈટમોની તાલીમ લઈ કામ કરી રહી છે મેંદાની જગ્યાએ ઘઉંના લોટનો ઉપયોગ કરી સાત્વીક નાસ્તા તથા ભોજન બનાવી લોકોની સેવા કરે છે. આ સંસ્થાની મુલાકાત લઈ ત્યાં સાત્વીક નાસ્તો કરી બહેનોને ખૂબ જ આનંદ થયો હતો. ત્યાં વિવિધ ગેમો પ્રતિભાબેને રમાડી અને તેમાં પ્રથમ ક્રમે હેમાબેન મહેતા બીજાક્રમે શ્વેતાબેન અને ત્રીજા ક્રમે શાંતાબેન મજમુદાર વિજેતા થયા હતા.

# શહેરી સમકક્ષ સુવિધા આપી ગામડાઓને વિકાસના પથ સાથે જોડવાનું કામ રાજ્ય સરકારે કર્યુ : મંત્રી દેવાભાઈ વાલમ

### પશુપાલન રાજ્ય મંત્રીના હસ્તે જિલ્લાની ૭ સમરસ ગ્રામ પંચાયતના સરપંચોને સન્માનપત્ર આપી સન્માનિત કરાયા : બે ગ્રામ સખી સંઘને ૭ લાખના કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડના ચેક અર્પણ કરાયા : અરવલ્લી મોડાસાના ભામાશા હોલ ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી કરાઇ

બાયડ તા.૨

રાજ્ય સરકાર ધ્વારા આયોજીત તા. ૨૫ થી ૩૧ ડીસેમ્બર સુધી સુશાસન સપ્તાહના ઉજવણીના ભાગરૂપે અંતિમ દિવસે ઉજવણી સમાપન કાર્યક્રમ અરવલ્લી જિલ્લાના ભામાશા હોલ ખાતે પશુપાલન અને ગૌ સંવર્ધન રાજ્યમંત્રી દેવાભાઇ માલમના અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સમરસ ગ્રામ પંચાયત માટે અનુદાન, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસનું લોકાર્પણ અને એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડના ચેકના વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રીએ પ્રાસંગિક પ્રવચન કરતા રાજ્યની આ સરકાર યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે તો સખી મંડળોના માધ્યમથી મહિલાઓ પોતાનું નાણાકીય ભંડોળ ઉભુ કરી આર્થિક સમરસ ગ્રામ પંચાયતના સરપંચોને સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા તથા ૧૫માં નાણાંપંચ અંતર્ગત




ગરીબો, શોષિતો અને વંચિતોને વરેલી સરકાર છે. રાજ્યમાં છેવાડાનો કોઈ પણ નાગરિક લાભથી વંચિત ના રહે તે માટે સરકાર કટિબધ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય તમામ ગામોમાં પાકા રસ્તા, પીવાના પાણી, વીજળી સહિતની શહેરી સમક્ષ સુવિધાઓ પુરી પાડી તેમને વિકાસના સહભાગી બનાવ્યા છે. ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો હવે કૃષિ સાથે પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકારતા આર્થિક રીતે સમૃધ્ધ બન્યા છે. ગ્રામિણ પરીવાર આવાસ વિહોણો ન રહી જાય તે માટે આવાસની વિવિધ પગભર બની વિકાસના પંથને આગળ વધી રહી છે. તો વળી સરકાર દ્વારા ગામમાં સમરસતાનો ભાવ બની રહે તે માટે પંચાયતોની સુવિધા માટેની પુરતી ગ્રાંટ આપી ગામનો વિકાસ કરી રહ્યા છે.

સ્વ. વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીએ દેશમાં સુશાસનનું જે દિશા આરંભી હતી તે પરીપુર્ણ થઈ રહી છે. આ પ્રસંગે અરવલીએ જિલ્લા પ્રમુખ લાલસિંહ ચૌહાણ, જિલ્લા ઉપપ્રમુખ કનુભાઇ તથા જિલ્લા ભાજપા અગ્રણી રાજેંદ્રભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લાની અરવલ્લી જિલ્લામાં કુલ રૂ. ૧૨૦.૯૫ લાખના ૧૨૧ વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત તથા રૂ ૩૨૦.૫૯ લાખના ૨૬૮ વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યુ હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીના આવાસનું પ્રતિકાત્મક ચાવી આપી લોકાર્પણ અને એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત સ્ટેજ પરથી કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડના ગ્રામ સખી મંડળ ફરેડી અને જીતપુર મોડાસાને રૂ.૭ લાખના ચેક્નું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# નવા વર્ષના આરંભે ખેડૂતો ઉપર માવઠાની આફત

### ઉત્તર ગુજરાતમાં તા. ૫ જાન્યુઆરીએ કમોસમી માવઠાનું સંકટ મંડરાયું : માવઠુ વરસે તો રવિ પાકમાં રોગના ભરડાની દહેશત

બાયડ, તા. ૨

નવા વર્ષના આરંભ સાથે સૌ કોઈ મુસીબતોમાંથી છૂટકારો મળે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. ત્યારે જગતના તાત ઉપર માવઠાની આફત ઉભી થઈ છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં તા. ૫ જાન્યુઆરીથીએ કમોસમી માવઠાનું સંકટ મંડરાયુ છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણની ત્રીજી લહેરની શરૂઆત થઈ છે ત્યાં માવઠાની આફત ખેડૂતોને તબાહ કરે તેવી દહેશત છે.

આ વર્ષે ઓછા વરસાદ પછી ઠંડીનું જોર એકંદરે સારૂ રહેતાં સાબરકાંઠા-અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ૧૦.૫૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં બટાટા, ઘઉં, રાયડો, જીરૂ, વરીયાળી, શાકભાજી, ઘાસચારાનું વાવેતર થયું છે. ડિસેમ્બરમાં ત્રણ માવઠાના મારથી ખેડૂતો રઘવાયા બન્યા ક્યાંક માવઠાના કારણે રવિ પાકમાં રોગચાળો વકરી રહ્યો છે. ત્યારે ખેડૂતો રોગચાળાને ડામવા માટે દવાનો છંટકાવ કરી રાહત અનુભવતા હતા ત્યાં ફરી એકવાર નવા વર્ષના આરંભે મોસમ બેઈમાનની હવામાન વિભાગે આગાહી કરી છે., તા. ૫ જાન્યુઆરીથી ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હવામાન પલ્ટાવ સાથે કમોસમી માવઠાની આગાહી થતાં બટાટા, જીરૂ, વરીયાળીના પાકને નુકશાનનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. આ વર્ષ રવિ ખેતીને અનુકૂળ ઠંડીનો રાઉન્ડ છે ત્યારે વારંવાર હવામાન પલ્ટાવથી ઠંડીની તિવ્રતામાં ઓટ આવતાં તેની વિપરીત અસર ખેતી પાક ઉપર જોવા મળી શકે છે.




નવા વર્ષની શુભેચ્છા સહ...

શ્રી નથાભાઈ હેગોળાભાઈ પટેલ

ધારાસભ્યશ્રી
૯૯-વિધાનસભા, ધાનેરા

પાલનપુર નગરપાલિકા, પાલનપુર.
" સ્વચ્છતા સંદેશ "

વિક્રમ સંવત ૨૦૭૮ના આવનાર વર્ષમાં પાલનપુર નગરપાલિકાને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવા તેમજ સ્ટારરેટીંગ અને સ્વચ્છ સર્વેક્ષણમાં અગ્રેસર રહે તેવી કામગીરી આપણે સૌ સાથે મળીને આગામી નવિન વર્ષમાં કરીએ અને આ સ્વચ્છતા જાળવવા સૌ નાગરીકો નવિન વિક્રમ સંવતમાં સંકલ્પ બધ્ધ થઈએ અને નગરપાલિકાને સ્વચ્છતા સર્વેક્ષણમાં સહકાર આપીને તેમજ નીચે મુજબ સંકલ્પ પણ કરીએ.

૧) શહેરને પ્લાસ્ટીક મુક્ત કરીશું.
૨) ગમે ત્યાં જાહેર રોડ ઉપર ગંદકી નહીં કરીએ.
૩) સમયસર નગરપાલિકાના વેરાઓ તેમજ ભાડા ભરીશું.
૪) નળ ખુલ્લા રાખી પાણીનો બગાડ નહીં કરીએ.
૫) શહેરને સુંદર અને રળિયામણું બનાવવા આપણે સૌ સાથે મળી સહીયારો પ્રયાસ કરીશું.

પાલનપુર નગરપાલિકા પરિવાર વતી સૌ નગરજનો ને નુતન વર્ષાઅભિનંદન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા

જિલ્લો : બનાસકાંઠા ફોન નં. ૨૨૨૦૩૮/૨૨૨૪૩૩
સ્થાપના : ૦૧/૦૯/૧૯૬૦
Email : apmcdhanera@gmail.com
Web : apmcdhanera.com

ખુલ્લી હરાજી... સાચો તોલ... રોકડા નાણાં

વિક્રમ સંવત ૨૦૭૮થી શરૂ થતું નવું વર્ષ તથા ૨૦૨૨ના શરૂ થતાં નવું વર્ષ ધાનેરા તાલુકાની તમામ જનતાના જીવનમાં આરોગ્ય અને સુખ-સમૃદ્ધિનો પ્રકાશ લઈ આવે તેવી શુભકામનાઓ...

નૂતન વર્ષાભિનંદન - હેપ્પી ન્યુ ઈયર

આ શરૂ થતાં નવીન વર્ષમાં આવો સાથે મળી સંકલ્પ કરીએ જળ, વિજળી અને કુદરતી સંપત્તિનો બચાવ કરીએ, દિકરી વધાવીએ અને ભણાવીએ તથા એક જવાબદાર નાગરિક બની રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી બનીએ...

મોહનભાઈ યુ. શ્રાવગ, સેક્રેટરી
માનસિંહ બી. વાઘેલા, વાઈસ ચેરમેન
ભુરાભાઈ એન. પટેલ, ચેરમેન

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી આંજણા ભગવાનભાઈ હાજાભાઈ
શ્રી આકોલીયા મોનભાઈ ઉકાભાઈ
શ્રી પટેલ નરેશભાઈ નથાભાઈ
શ્રી આંજણા પ્રેમાભાઈ ભુદરાભાઈ
શ્રી પટેલ દજાભાઈ પ્રેમાભાઈ
શ્રી પટેલ રાવનાભાઈ રૂડાભાઈ
શ્રી આંજણા માંનાભાઈ રાંમાભાઈ
શ્રી કણબી અજબ્બાભાઈ હરજીભાઈ
શ્રી પટેલ હરનાથભાઈ કેવદાસભાઈ
શ્રી આંજણા વિરલભાઈ હરજીવનભાઈ
શ્રી ચૌધરી જોઈતાભાઈ હીરાભાઈ
શ્રીમતી ચૌધરી હિનાબેન ઈશ્વરભાઈ
શ્રી કણબી સુજાભાઈ જીવાભાઈ
શ્રી કણબી શંકરભાઈ પ્રેમાભાઈ
શ્રી પટેલ સવદાનભાઈ જોધાભાઈ
શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. પાલનપુર
શ્રી જિલ્લા ખેતી. અધિકારી જિ. પં. પાલનપુર

इंडियनऑयल
IndianOil
श्री नकलंग भगवान पेट्रोलियम
Dealers : Indian Oil Corporation Ltd.
बनास कृषि बजारा के सामने, 168, नेसनल हाईवे, मु.पो.नेनावा, ता.धानेरा
प्रकाशभाई Mo.9427639695
करशनभाई Mo.9429172462
मफाभाई Mo.9909863575
संपर्क नं.: Mo.94289 80284